# ભાગીને લગ્ન કરવું હવે અઘરું ક્લાસ-2 અધિકારીની મંજૂરી જરૂરી

**ભાગીને** લગ્ન કરનારા યુગલ હવે સીધી નોંધણી કરાવી શકશે નહીં

**ભાગીને** લગ્ન કરનારનાં માતા-પિતાને નોટિસ મોકલાશે, જવાબ આવ્યા બાદ નોંધણી કરાશે

**લગ્નની** ગુજરાત સરકારની કેબિનેટમાં આજે નિર્ણય લેવાય તેવી શક્યતા, સરકાર સત્તાવાર જાહેરાત કરશે

ગાંધીનગરઃ ભાગીને લગ્ન કરનારા યુગલોની લગ્ન નોંધણી માટે સરકાર નવા નિયમો લાવવાની તૈયારીમાં છે. આવતીકાલે મળનારી કેબિનેટ બેઠકમાં સુધારેલા નિયમોને મંજૂરી મળી શકે છે. નવા પ્રસ્તાવ મુજબ ક્લાસ-2 અધિકારીની મંજૂરી વગર સીધી લગ્ન નોંધણી થઈ શકશે નહીં.

ભાગીને લગ્ન કરનાર યુગલોની લગ્ન નોંધણીની પ્રક્રિયા અંગે સરકાર મોટા ફેરફાર કરવાની તૈયારીમાં છે. આવતીકાલે મળનારી રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં લગ્નની નોંધણી સંબંધિત સુધારેલા નિયમોને મંજૂરી મળવાની શક્યતા છે. જો આ પ્રસ્તાવને લીલી ઝંડી મળશે તો સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

પ્રસ્તાવિત નિયમો મુજબ, ભાગીને લગ્ન કરનારા યુગલોની લગ્નની નોંધણી માટે હવે ક્લાસ-2 અધિકારીની અંતિમ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવશે. ક્લાસ-2 અધિકારીની મંજૂરી વગર સીધી રીતે લગ્ન નોંધણી શક્ય નહીં રહે. હાલ તલાટી-કમ-મંત્રી દ્વારા કરવામાં આવતી પ્રક્રિયા બાદ અરજીને ઉચ્ચ અધિકારી સમક્ષ મોકલવાની જોગવાઈ રાખવામાં આવી છે. નવા નિયમોમાં મહત્વનો ફેરફાર એ પણ સૂચવાયો છે કે ભાગીને લગ્ન કરનાર યુવક-યુવતીના માતા-પિતા અથવા વાલીઓને નોટિસ મોકલવામાં આવશે.

નોટિસ મળ્યા બાદ 30 દિવસની અંદર તેઓ પોતાનો જવાબ અથવા રજૂઆત કરી શકશે. આ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જ નોંધણી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અન્ય જ્ઞાતિમા લગ્ન કરનાર યુવતીઓ સામે જે તે જ્ઞાતિમાં ભારે રોષની લાગણી ઊભી થવાની સાથે સાથે અનેક સમાજ દ્વારા સરકારમાં એવી માંગણી કરવામાં આવી હતી કે ભાગીને લગ્ન કરતાં યુવક-યુવતીઓના લગ્ન નોંધણી માટે સરકારે નિયમો બનાવવા જોઈએ. આગામી દિવસોમાં સરકાર સત્તાવાર જાહેરાત કરશે બાદમાં નિર્ણય અમલમાં આવશે.

# વાંસદા પંથકમાં ફરી ભૂકંપ, તીવ્રતા 2.7ની નોંધાઈ

**ખેતરોમાં** કામ કરી રહેલા લોકોએ ભૂકંપ અનુભવતા ભયનો માહોલ સર્જાયો

**ભૂકંપનું** કેન્દ્ર બિંદુ વાંસદાથી ૬૨ કિલોમીટર દૂર ગુજરાત મહારાષ્ટ્રની બોર્ડર નજીક નોંધાયું

**છેલ્લા** ઘણા સમયથી વાંસદા પંથકમાં આંચકા અનુભવાઈ રહ્યા છે

**અગાઉ** આંચકા ચોમાસાની શરૂઆતમાં આવતા હતા, હવે ડિસેમ્બરમાં આંચકો આવ્યો




વાંસદા : વાંસદા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ખેતરોમાં કામ કરી રહેલા લોકોએ જોરદાર ભૂકંપનો આંચકો અનુભવતા ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપનું કેન્દ્ર બિંદુ વાંસદાથી ૬૨ કિલોમીટર દૂર ગુજરાત મહારાષ્ટ્રની બોર્ડર નજીક નોંધાયું હતું.

વાંસદા તાલુકાના ગામડાઓમાં તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૯:૨૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. વાંસદા પંથક સહિત ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય રહ્યા છે, જેમાં ચોમાસાની શરૂઆતમાં ભૂકંપના આંચકા વધુ આવતા હોવાનું સામે આવ્યું છે, ત્યારે હાલ ડિસેમ્બર મહિનામાં ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ભય ફેલાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ખેતરોમાં કામ કરી રહેલા કેટલાક લોકોએ ભૂકંપનો જોરદાર આંચકો અનુભવ્યો હતો. સરકારી વેબસાઈટ મુજબ ભૂકંપનું એપી સેન્ટર વાંસદા તાલુકામાં ૨૦.૨૦૫ લેટીટ્યુડ અને ૭૩.૩૮૧ લોંગીટ્યુડ જે વાંસદાથી ૬૨ કિલોમીટર દૂર ગુજરાત - મહારાષ્ટ્રની બોર્ડર નજીક હોવાનું જાણવા મળ્યું હતું. આ ભૂકંપની ડેપ્થ ૬.૨ કી.મી. જેટલી જણાઈ આવી હતી. આ ભૂકંપ ૨.૭ ની તીવ્રતાનો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, ભૂકંપ ભલે સામાન્ય હતો પરંતુ આ વિસ્તારમાં ભૂગર્ભમાં હલચલ ચાલી રહી છે તે સાબિત થયું છે.

# ગુજકેટના આવેદનપત્રો ૬ જાન્યુઆરી સુધી ભરી શકાશે

**અગાઉ** ૩૦ ડિસેમ્બર અંતિમ તારીખ હતી

**બોર્ડ** દ્વારા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ છેલ્લી તારીખની રાહ ન જોતા સમયસર આવેદનપત્ર ભરી લે

સુરતઃ ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે રાહતભર્યા સમાચાર આવ્યા છે. ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ-૨૦૨૬) માટેના આવેદનપત્ર ભરવાની અંતિમ તારીખ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લંબાવવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, અગાઉ ગુજકેટ-૨૦૨૬ માટે આવેદનપત્ર ભરવાની અંતિમ તારીખ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી હતી.

પરંતુ વિદ્યાર્થીઓની સુવિધા અને વધતી માંગને ધ્યાનમાં રાખીને આ મુદત વધારીને ૬ જાન્યુઆરી, ૨૦૨૬ કરવામાં આવી છે. ડિગ્રી એન્જિનિયરિંગ તેમજ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ ગુજકેટ-૨૦૨૬ પરીક્ષા આપી શકશે.

ગુજકેટ-૨૦૨૬ માટેની માહિતી પુસ્તિકા તેમજ ઓનલાઈન આવેદનપત્ર ભરવાની વિગતવાર સૂચનાઓ બોર્ડની અધિકૃત વેબસાઈટ www.gseb.org પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પરીક્ષા માટે ઉમેદવારોએ ૩૫૦ રૂપિયા ફી ઓનલાઈન સિસ્ટમ દ્વારા ભરવાની રહેશે. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ છેલ્લી તારીખની રાહ ન જોતા સમયસર આવેદનપત્ર ભરી લે, જેથી ટેક્નિકલ સમસ્યાઓથી બચી શકાય.

# રાજ્યમાં ઠંડી વધી, આજે 31મી ડિસે.એ લોકોને મજા

**આગામી** 48 કલાક પછી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થશે, તાપમાન 3 ડિગ્રી સુધી ગગડી જશે

ગાંધીનગરઃ રાજ્યમાં 48 કલાક પછી ઠંડી વધવાની સંભાવના છે. ઠંડી વધવાને કારણે આવતીકાલે લોકોને 31મી ડિસે.ની ઉજવણીમાં મજા આવી જશે. આજે દિવસ દરમિયાન રાજ્યમાં કચ્છના નલિયામાં 12.6 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. જો કે હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં 3 ડિગ્રી જેટલી ઠંડી વધવાની છે, એટલે કે ઠંડીનો પારો 3 ડિગ્રી સુધી નીચે ગગડી જશે. રાજ્યમાં હવે 48 કલાક પછી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર- કચ્છ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતને તેની અસર થશે.

આજે મંગળવારે કચ્છના નલિયામાં ઠંડીનો પારો નીચે ગગડી જવા પામ્યો હતો. રાજ્યમાં અનેક ભાગોમાં હવે ઠંડી વધવાની છે. ખાસ કરીને આગામી એક સપ્તાહની અંદર ઠંડીનો પારો હજુયે નીચે ગગડી જશે. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતુ કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે., નલિયામાં 12.6 ડિ.સે., કંડલા પોર્ટ પર 17 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 14 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 13 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે., સુરતમાં 16 ડિ.સે. અને દમણમાં 16 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ડિસેમ્બરમાં રાજ્યમાં જોઈએ તેવી ઠંડી પડી નથી જો કે હવે ઠંડી શરૂ થતાં સહેલાણીઓને મજા પડી જશે.

# રાજીનામું આપવાનું કહેનાર કોંગ્રેસના કિરીટ પટેલ માની ગયા

**પાટણના** ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભા પક્ષના દંડક તરીકે રાજીનામું આપવા પહોંચ્યા અને પછી માની ગયા

**પક્ષમાં** થયેલી કેટલીક નિમણૂકો બાબતે વિરોધ હતોઃ કિરીટ પટેલ

ગાંધીનગરઃ વિધાનસભામાં વિપક્ષના દંડક કિરીટ પટેલ દંડક પદેથી રાજીનામું આપશે, તેવા સવારથી ચાલી રહેલા રાજકીય ડ્રામાનો આજે સાંજે અંત આવ્યો હતો. રાજીનામું આપી દેવાની ચીમકી આખરે નાટક પુરવાર થઈ હતી. કિરીટ પટેલે પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમીત ચાવડા સાથે ફોન પર વાત કરી હતી, તેના પગલે હવે રિસાયેલા કિરીટ પટેલ આખરે માની ગયા છે અને રાજીનામું આપવાનો નિર્ણય પરત લઈ લીધો છે.

વિધાનસભા ખાતે કોંગીના ધારાસભ્ય કિરીટ પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, આ કોઈ પ્રેશર ટેકનિક નહોતી, પરંતુ પક્ષમાં થયેલી કેટલીક નિમણૂકો બાબતે વિરોધ હતો. 2017 અને 2022ની વિધાનસભા ચૂંટણીમાં તેમના વિરુદ્ધ કામ કરનારા લોકોને પ્રદેશ કક્ષાએ હોદ્દા આપવામાં આવ્યા હોવાથી નારાજગી વ્યક્ત કરી હતી. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ અમારી પાસે રિપોર્ટ માગતાં અમે જેના નામ આપ્યા હતા તેમને જિલ્લા પંચાયતના સભ્ય બનાવી દીધા છે. મારી વિરુદ્ધ કામગીરી કરનારા લોકોને પ્રદેશમાં હોદ્દા આપી દીધા છે. જે યોગ્ય નથી. આ બાબતથી નારાજ થઈને મેં રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. કિરીટ પટેલે વધુમાં કહ્યું હતું કે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જન આક્રોશ યાત્રા પૂર્ણ થયા બાદ તમામ મુદ્દાઓ પર યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી છે. પાર્ટીમાં ખાનગી રિપોર્ટ માગતાં તેમણે સંબંધિત લોકોના નામ આપ્યા હોવાનું જણાવ્યું છે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ દંડક પદે રાજીનામું આપવા વિધાનસભા પહોંચ્યા હતા. તેઓ વિધાનસભામા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીના કાર્યાલયમાં પહોંચ્યા હતા. જોકે, તુષાર ચૌધરી કાર્યાલયમાં ગેરહાજર જોવા મળ્યા હતા. કોંગ્રેસ કાર્યાલયમાંથી ડો.કિરીટ પટેલે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. પટેલે માંગ કરી હતી કે મારી વિરૂદ્ધ કામ કરનારા લોકોને પાર્ટીના હોદ્દા પરથી દૂર કરવા જોઈએ.

અન્ય જ્ઞાતિના તબલાવાદક યુવાન સાથે લગ્ન કરી વિવાદ સર્જનાર

# પાટીદાર સિંગર આરતી સાંગાણીએ પિતા માટે દરવાજો પણ ખોલ્યો નહીં

**પિતાએ** ફાર્મ હાઉસમાં કલાકો સુધી રાહ જોવી પડતાં આરતીના વર્તનથી પરિવાર વ્યથિત



સુરતઃ સુરત જિલ્લાના ફાર્મ હાઉસમાં રોકાયેલી પાટીદાર સિંગર આરતી સાંગાણીને મળવા આવેલા પિતા માટે દરવાજો પણ ખોલ્યો ન હતો. હાલ પાટીદાર સમાજમાં સિંગર આરતી સાંગાણીના પ્રેમ લગ્નનો વિવાદ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. પ્રેમ લગ્નના વિવાદમાં સિંગર આરતી સાંગાણીને પિતા અને પરિવાર સાથેના મનદુઃખ થયું છે. ગઈકાલે એક કાર્યક્રમ અર્થે સુરત આવેલી આરતી ફાર્મ હાઉસમાં રોકાયેલી હોવાથી પિતા અને ભત્રીજી આરતીને મળવા માટે ફાર્મ હાઉસ પહોંચ્યા હતા. પરંતુ આરતીએ પિતા પ્રત્યે કોઈ સંવેદના દાખવવાને બદલે ફાર્મ હાઉસનો દરવાજો પણ ખોલ્યો ન હતો.

કલાકો સુધી રાહ જોયા બાદ અંતે પિતાએ નિરાશ થઈને પરત ફરવું પડ્યું હતું. આરતી સાંગાણી ગુમ થયાની ફરિયાદ પરિવાર દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. આ મામલે પોલીસ કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે તેનું નિવેદન નોંધવા માટે વારંવાર બોલાવી રહી છે.

હજુ સુધી આરતીએ પોલીસમાં જવાબ આપ્યો નથી. આરતી સાંગાણીએ પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમ લગ્ન કર્યા હોવાનું કહેવાય છે. પિતા અને પરિવારજનો આ લગ્નથી નારાજ છે અને દીકરી સાથે વાતચીત કરવા માંગે છે. દિકરીને મળવા ફાર્મ હાઉસ પર પહોંચેલા પિતાને દીકરીના આ વર્તનથી પરિવાર ભારે વ્યથિત થઈ ગયું હતું. ઉલ્લેખનીય છે કે, આરતીએ કરેલા પ્રેમલગ્નને કારણે પાટીદાર સમાજમાં પણ ભારે રોષ છે.

PPP મોડલ પર AI સંસ્થા ઊભી કરનાર ગુજરાત બન્યું દેશનું પ્રથમ રાજ્ય

# ગિફ્ટ સિટીમાં એઆઈ રિસર્ચ ઓર્ગે.ની સ્થાપના કરવામાં આવશે

**IAIROની** સ્થાપના માટે મુખ્યમંત્રીની સૈદ્ધાંતિક મંજૂરી, 1 જાન્યુઆરી 2026થી કાર્યરત બનશે

**પ્રથમ** 5 વર્ષ માટે અંદાજે રૂ. 300 કરોડનું બજેટ

ગાંધીનગરઃ ગુજરાત રાજ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (Artificial Intelligence- AI) ક્ષેત્રે એક ઐતિહાસિક કૂદકો ભરવા જઈ રહ્યું છે. રાજ્યની પ્રતિષ્ઠિત GIFT City ખાતે ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (IAIRO) ની સ્થાપના કરવાની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જે 1 જાન્યુઆરી 2026થી કાર્યરત બનશે.

IAIROને સ્પેશિયલ પર્પઝ વિહિકલ (SPV) તરીકે વિકસાવવામાં આવશે અને તેની રચના કંપની અધિનિયમ, 2013ની કલમ 8 હેઠળ નોન-પ્રોફિટ મેકિંગ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે પ્રથમ પાંચ વર્ષ માટે અંદાજે 300 કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ખાનગી ભાગીદાર ત્રણેયનું 33.33 ટકા યોગદાન રહેશે. આ સંસ્થામાં ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA) એન્કર ખાનગી ભાગીદાર તરીકે જોડાયું છે અને વર્ષ 2025-26 માટે 25 કરોડનું યોગદાન આપશે.

ગુજરાતની આ પહેલ કેન્દ્ર સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના IndiaAI મિશન તેમજ રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના AI એક્શન પ્લાનના ઉદ્દેશ્યો સાથે સુસંગત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વ્યાપક ઉપયોગ દ્વારા આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને અન્ય સેવાઓમાં પરિવર્તનકારી સુધારાઓ લાવી લાખો લોકોના જીવનને વધુ સરળ અને સુખાકારી બનાવવા રાજ્ય સરકારે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં AI ટાસ્કફોર્સની રચના પણ કરી છે. આ દિશામાં આગળ વધતાં, IAIROને AI માટે મલ્ટી-ડિસિપ્લિનરી રિસર્ચ હબ તરીકે વિકસાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

IAIROની મુખ્ય પ્રવૃત્તિઓમાં અદ્યતન AI રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, AI આધારિત પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સનો વિકાસ, તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને સરકાર વચ્ચે ગાઢ સહયોગનો સમાવેશ થશે.

# 6 જિલ્લાની સંયુક્ત રજિસ્ટ્રાર કચેરી હવે APMC મોલમાં

**સુરત,** ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, ડાંગના અરજદારો સુરત એસટી ડેપો અને સ્ટેશન નજીક APMCના કૃષિ બજાર મોલમાં કામ અર્થે સરળતાથી આવી શકશે

સુરતઃ દક્ષિણ ગુજરાતના છ જિલ્લાની સંયુક્ત રજિસ્ટ્રારની કચેરી સેન્ટ્રલ ડેપો રેલવે સ્ટેશન નજીક શરૂ કરવામાં આવી છે. સુરત, ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, ડાંગના અરજદારો સુરત એસટી ડેપો અને સ્ટેશન નજીક સહારા દરવાજા - રિંગરોડના APMC ના કૃષિ બજાર મોલમાં કામ અર્થે સરળતાથી આવી શકશે. નવી ઉભી કરવામાં આવેલી સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક સહકારી મંડળીઓ (વિભાગીય) સુરતની કચેરી નવા વર્ષે 1 જાન્યુઆરીથી કાર્યરત થશે. સુરત રેલવે સ્ટેશન અને એની સામે મધ્યસ્થ એસટી ડેપોની કનેક્ટિવિટી સાથે મંડળીઓના અરજદારો 10થી 15 મિનિટમાં પગપાળા કૃષિબજાર મોલ આવી શકશે.

રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકની સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક, સહકારી મંડળીઓ (વિભાગીય) સુરતની નવી કચેરી ઉભી કરવામાં આવી છે. જેના નિયંત્રણ હેઠળ દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, ડાંગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કચેરી ૧/૧/૨૦૨૬થી બીજો માળ, કૃષિબજાર (મોલ), સહારા દરવાજા, રિંગ રોડ, સુરત ખાતે કાર્યરત થશે. અત્યાર સુધી કામચલાઉ બેઠક વ્યવસ્થા જિલ્લા કલેકટર કચેરી ખાતે કાર્યરત હતી. જેથી દક્ષિણ ગુજરાતની સહકારી સંસ્થાઓ, સરકારી કચેરીઓ, અરજદારોને કચેરીના કામગીરી અર્થે નવા સરનામે પત્ર વ્યવહાર કરવા માટે સંયુકત રજિસ્ટ્રારે જણાવ્યું છે.

# ડિંડોલીમાં મંદિરે દર્શન કરી પરત ફરતા વૃદ્ધનું રિક્ષા અડફેટે મોત

સુરતઃ ડિંડોલી વિસ્તારના કરડવા ગામમાં મહાદેવજીના દર્શન કરીને પરત ફરી રહેલા એક વૃદ્ધનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. કરડવા ગામમાં રહેતા ૬૫ વર્ષીય નિવૃત્ત અશોકભાઈ મોહનભાઈ સોનીને પરિવારમાં બે પુત્ર અને એક પુત્રી છે. ગત ૨૭ ડિસેમ્બરના રોજ સાંજે અશોકભાઈ ઘર નજીક આવેલા મહાદેવ મંદિરે દર્શન કરી પગપાળા પરત ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન મંદિર પાસે રસ્તો ઓળંગતી વેળાએ અજાણ્યા રિક્ષાચાલકે તેમને અડફેટે લીધા હતા. રિક્ષાચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનો પ્રાથમિક અંદાજ છે. ગંભીર રીતે ઘાયલ થયેલા અશોકભાઈને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ ગઈકાલે સાંજે તેમનું મોત નીપજ્યું હતું. ડિંડોલી પોલીસે અકસ્માત મોત ગુનો નોંધી અજાણ્યા રિક્ષાચાલકની શોધખોળ શરૂ કરી છે.

# ઉત્રાણમાં રોંગ સાઈડ અંગે ટોકતા ત્રણ મિત્ર પર હુમલો

**કારચાલકે** ભાઈ સાથે મળી હાથના કડાથી માથું ફોડ્યું ને પછી ચપ્પુ ફેરવતા ત્રણેયની ગંભીર ઈજા

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં રોંગ-સાઈડમાં કાર ચલાવવાની બાબત હિંસક અથડામણમાં ફેરવાતાં વિસ્તારમાં ભય અને રોષનું વાતાવરણ સર્જાયું છે. ટ્રાફિક નિયમોના ભંગ અંગે સમજાવવાનો પ્રયાસ કરનાર યુવક અને તેના બે મિત્ર પર માથાભારે ભાઈઓએ ઢીકામુક્કી તથા ચપ્પુથી હુમલો કરતાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી છે.

બે દિવસ પહેલાં રાત્રે ગોવિંદ પાર્ક સોસાયટી નજીક ગેસ પાસે શુભમ કૈલાશ અખાડે પોતાના મિત્ર ક્રિશ સોલંકી સાથે બેઠા હતા, ત્યારે જગદીશ નગર સોસાયટીના 24 વર્ષીય કરણ મીઠારામ સપકાળે પોતાની કાર રોંગ-સાઈડમાં હંકારીને પસાર થયા હતા. શુભમે ટ્રાફિક સલામતી માટે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કરણ સપકાળે શુભમ સાથે ઉગ્ર ગાળાગાળી શરૂ કરી અને હાથના કડાથી માથા પર હુમલો કર્યો. તકણ તેના ભાઈ શીવા ઉર્ફે બાડાને લઈને પહોંચ્યો અને ચપ્પુથી શુભમ પર હુમલો કરી આંખ, કપાળ અને હોઠ પર ગંભીર ઈજાઓ પહોંચાડી.

શુભમના મિત્ર દિનેશ અને ક્રિશ પર પણ બંને ભાઈએ ઢીકામુક્કી અને હથિયારથી હુમલો કર્યો હતો. લોકો એકત્ર થતાં હુમલાખોર બંને ભાઈ નાસી છૂટ્યા હતા. ત્રણેય ઘાયલ યુવકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શુભમના પિતાની ફરિયાદને આધારે પોલીસે કરણભાઈ મીઠારામ સપકાળે (ઉ.વ. 24, જગદીશનગર સોસાયટી, ઉત્રાણ) અને શીવા મીઠારામ સપકાળે (ઉ.વ. 26, જગદીશનગર સોસાયટી, ઉત્રાણ) વિરુદ્ધ ગુનો નોંધી બંને ભાઈની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

## બાય-બાય...

દમણ, સેલવાઝ સાપુતારા, દુધની અને મહારાષ્ટ્રના હથગઢથી લઈને ગોવા સુધી સુરતીઓ પહોંચી ગયા છે. આ સ્થળો ઉપર ટુરિસ્ટોનો ભારે ધસારો થવાને કારણે હોટેલ, રેસ્ટ્રોરન્ટ સહિતની જગ્યાઓ પેક થઈ ગઈ છે.

હરવા ફરવા અને જલસા કરવામાં અવ્વલ સુરતી પ્રજા ન્યૂ યરની ઉજવણી આગવા અંદાજમાં કરે છે. આ માટે સુરતીઓ આગવું આયોજન કરે છે. જો કે ન્યૂ યરની રાત્રે શહેરમાં ભારે રશ થઈ જાય છે. ટ્રાફિકની સમસ્યા અને શહેરનાં દરેક રસ્તાઓ તેમજ લોકેશનો ઉપર જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવાતો હોવાને કારણે લોકો નવા વર્ષનું સેલિબ્રેશન ફોક ન થઈ જાય તેની પણ દરકાર રાખે છે. તેથી તેઓ પરિવારો અને ગૃપોમાં સુરતની આજુબાજુનાં સ્થળે ફરવાનું મુનાસિબ સમજે છે. ન્યૂ યરનાં દિવસે પોતાનાં વાહનો લઈને સુરતની આજુબાજુનાં સ્થળોએ, દરિયા કિનારાઓમાં સેલવાસ, દમણ, દેવકાનાં બિચો તથા હિલ્સ સ્ટેશનોમાં સાપુતારા અને દુધની જેવા સ્થળે પહોંચીને સેલિબ્રેશન કરે છે. રિસોર્ટ અને રહેવા માટેની હોટેલ્સોનાં બુકિંગો પણ આગાઉથી જ કરી રાખે છે. જો કે ભારે ધસારાને કારણે હવે દરેક જગ્યાઓ ફૂલ થઈ ગઈ છે, તેથી હવે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે, દક્ષિણ ગુજરાતના આ ડેસ્ટિનેશનો ઉપર હાઉસફૂલનાં પાટીયા લાગી ગયા છે. ઓનલાઈન બુકિંગોનાં પાર્ટલ ઉપર પણ બુકિંગ નથી મળી રહ્યાં.

## પ્રાઈવેટ ફાર્મ હાઉસો, વિલા ઉપર પોલીસ સતત દરોડા પાડે છે

ન્યૂ યરની ઉજવણીનાં બહાને મોટાભાગે ધતીંગો થતાં હોય છે. લોકો દારૂ અને અન્ય નશીલા પદાર્થોનું સેવન કરતાં હોવાથી છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસ દ્વારા સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને કારણે પ્રોપર્ટી માલિકોને પણ પૂછપરછનો સામનો કરવો પડે છે. પરિણામે અનેક લેન્ડલોર્ડ્સે પોતાની મિલકત ન્યૂ યર માટે ભાડે આપવાનું બંધ કરી દીધું છે. સુરક્ષા અને કાયદાકીય ઝંઝટથી બચવા માટે હવે લોકો પ્રોપર્ટી આપવાનું ટાળી રહ્યા છે.

## સુરતમાં અનેક સ્થળોએ પાર્ટીનું આયોજન

સુરતીઓ પણ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કલ્ચર તરફ વળ્યા છે. નવા વર્ષની વધામણી માટે જે રીતે દેશ-વિદેશમાં પાર્ટીઓનું આયોજન કરાય છે, તેવા પ્રકારે સુરત શહેરમાં પણ કેટલીક ક્લબો, જાહેર સ્થળોએ પાર્ટીનું આયોજન કરાયું છે. જે પૈકી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ, સિટી જીમખાના, અવધ ઉટોપિયા જેવા ડેસ્ટિનેશનો સુરતીઓના માનીતા બનવા જઈ રહ્યા છે. આ ઉપરાંત અનેક હોટલો, રેસ્ટોરન્ટ્સ, પાર્ટી પ્લોટ્સમાં પણ ન્યૂ યરના વેલકમ માટેના ડાન્સ, ખાણી-પીણી સહિતની પાર્ટીના આયોજનો ધ્યાને આવ્યા છે.

## સુરતમાં આજે...

તાપમાન 33.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે 30 ડિસેમ્બરે ઘટીને 30.7 ડિગ્રી રહ્યું છે. આમ, મહત્તમ તાપમાનમાં 2.3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. તે જ રીતે લઘુત્તમ તાપમાનમાં પણ સ્પષ્ટ ઘટાડો જોવા મળ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન 18.4 ડિગ્રી હતું, જ્યારે આજે તે ઘટીને 15.7 ડિગ્રી નોંધાયું છે, એટલે કે 2.7 ડિગ્રીનો ઘટાડો થયો છે. લઘુત્તમ તાપમાનમાં આવેલા આ ઘટાડાના કારણે વહેલી સવારે અને મોડી રાતે ઠંડીની અનુભૂતિ વધી છે. આ સાથે ભેજના પ્રમાણમાં થોડો વધારો થઈ 44 ટકા નોંધાયું છે. પવનની સ્થિતિમાં પણ ફેરફાર નોંધાયો છે. ગઈકાલે પશ્ચિમ દિશામાં 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો હતો, જ્યારે આજે પવન સંપૂર્ણપણે શાંત (0 કિમી પ્રતિ કલાક) રહ્યો છે. પવનની ગતિ ઘટતાં ઠંડીની અસર વધુ અનુભવાઈ રહી છે. કુલ મળીને, તાપમાનમાં આવેલા ઘટાડા, પવનની ગતિમાં ઘટાડો અને ભેજમાં વધારાના કારણે શહેરમાં આજે ઠંડીનું પ્રમાણ ગઈકાલ કરતાં વધુ અનુભવાઈ રહ્યું છે.

## થર્ટી ફર્સ્ટ...

૧૦ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. તમામ મુખ્ય ચોક, ચારરસ્તા, બ્રિજ, એન્ટ્રી-એગ્ઝિટ પોઈન્ટો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું કડક પેટ્રોલિંગ રહેશે. ખાસ કરીને સુરતથી દમણ જતાં માર્ગ પર સુરત જિલ્લા પોલીસે વિશેષ બંદોબસ્ત ગોઠવ્યો છે. ડુમસ રોડ, ઉભરાટ બીચ અને નવસારી તરફના દરિયાકાંઠા વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાના કારણે ત્યાં વધારાની પોલીસ ફોર્સ મુકવામાં આવી છે. તમામ એન્ટ્રી પોઈન્ટો પર વાહન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે અને શંકાસ્પદ વાહનો તથા વ્યક્તિઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે.

નશામાં વાહન ચલાવનારાઓ સામે બ્રેથ એનાલાઇઝર દ્વારા સખત કાર્યવાહી કરવામાં આવશે. જાહેરમાં તોફાન, અશોભનીય વર્તન, ચેડાં કે ગેરકાયદે રીતે ફટાકડા ફોડનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરાશે, તેવી પોલીસ દ્વારા ચેતવણી આપવામાં આવી છે. મહિલાઓની સુરક્ષા માટે અલગથી વ્યવસ્થા કરી મોટી સંખ્યામાં મહિલા પોલીસ જવાનો તૈનાત રાખવામાં આવ્યા છે. પોલીસ તંત્રનું સ્પષ્ટ કહેવું છે કે થર્ટી ફર્સ્ટની ઉજવણી આનંદમય અને શાંતિપૂર્ણ હોવી જોઈએ. કાયદો અને વ્યવસ્થામાં ખલેલ પહોંચાડનાર કોઈપણ તત્વને કોઈ સંજોગોમાં બરદાશ્ત કરવામાં આવશે નહીં.

## બેંગકોકની ફ્લાઈટ...

થર્ટી ફર્સ્ટ ઉજવવા જઈ રહેલા 133 પેસેન્જરનો દિવસ બગડ્યો હતો. 4થી 5 દિવસના પ્રવાસમાં આખો એક દિવસ નીકળી ગયો હતો. જો કે, સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ આ વિમાન આવ્યું ત્યારે વાતાવરણ ક્લિયર હતું. એરપોર્ટ ડિરેક્ટર આનંદ શર્માએ જણાવ્યું હતું કે, પાયલટ એટીસીને બર્ડ હિટ થયાની જાણ કરી હતી. પણ સુરત એરપોર્ટના ઓપરેશન એરિયામાં કપાયેલાં પક્ષીઓનાં કોઈ અવશેષ મળ્યાં નથી. બની શકે છે કે, બર્ડ હીટની ઘટના સુરત એરપોર્ટના ઓપરેશનલ એરિયા બહાર બની હશે. જો કે, અમે આ મામલો ગંભીરતાથી લઈ ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. પેસેન્જરની સેફ્ટી ખાતર વિમાનને ગ્રાઉન્ડેડ કરી ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી છે. જો કે, એરલાઈન્સે વૈકલ્પિક ફ્લાઇટ મંગાવવાની જાહેરાત સાથે બ્રેક ફાસ્ટ, લંચ, ડિનરની વ્યવસ્થા કરતાં પેસેન્જર્સ શાંત થયા હતા. સુરત એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં મૃત પક્ષીને શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ તે મળ્યું ન હતું. અંતે એન્જિનની તપાસ કરતાં સમડી જેવાં મૃત પક્ષીના કપાયેલા ભાગો એન્જિનની ફેન-બ્લેડમાંથી મળી આવ્યા હતા. એના લીધે બર્ડ હીટની ઘટના બની હોવાની વાતને સમર્થન મળ્યું હતું.

## ભરૂચથી કીમનો...

તા.13મી ડિસેમ્બરે લેખિતમાં જવાબ આપ્યો હતો કે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ પેકેજ-5 બાબતે દહેગામથી કીમ તા.31 ડિસેમ્બર-2025ના રોજ ખુલ્લું મુકાશે. પરંતુ સમસ્યા એ છે કે 31મી ડિસે. સુધીમાં દહેગામથી કિમ સુધીમાં પુનગામથી શરૂ કરીને કીમ સુધીના એક્સપ્રેસ હાઈવેનું તમામ કામ પુરૂં કરી શકાયું નથી. જેને પગલે આવતીકાલથી આ પેચ ખુલ્લો થશે નહીં. એવું જણાવાય રહ્યું છે કે, સંભવતઃ આ એક્સપ્રેસ વેની તમામ કામગીરી જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં પુરી થઈ જશે. જો તમામ કામગીરી પુરી થઈ જશે તો કીમથી ભરૂચના દહેગામ અને ત્યાંથી આગળ એક્સપ્રેસ વે પર જઈ શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં પુન ગામથી ચડીને દહેગામ થઈને એક્સપ્રેસ વે પર આગળ જઈ શકાય છે. પરંતુ જો કીમથી દહેગામનો માર્ગ પણ શરૂ થઈ જશે તો દહેગામથી સીધા એના ગામ સુધી જઈ શકાશે.

## હજીરામાં NTPC...

વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને દીપડો ક્યાંથી આવ્યો તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લા વન સંરક્ષક અધિકારી ધીરજકુમારના જણાવ્યા મુજબ સીસીટીવીમાં જોવા મળેલો દીપડો સંભવતઃ દિપડાનું બચ્ચું હોવાનું અનુમાન છે. પ્રાથમિક તપાસમાં એવું લાગી રહ્યું છે કે તે નજીકના ઝાડીઝાંખર અને ખુલ્લા વિસ્તારોમાંથી ભટકતો થઈને ઔદ્યોગિક વિસ્તારમાં આવી પહોંચ્યો છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર ક્રિભકો કંપનીમાં 2 પાંજરા અને ઓએનજીસી વિસ્તારમાં 2 પાંજરા મુકાયા છે. આ રીતે કુલ ચાર પાંજરા મૂકવામાં આવ્યા છે. વન વિભાગની ટીમ સતત વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી છે તેમજ સીસીટીવી ફૂટેજ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

## MMTH: એલિવેટેડ...

ઉપર એક અત્યાધુનિક પેસેન્જર કોનકોર્સ બની રહ્યું છે. જેની 40 ટકા કામગીરી પુરી થઈ જવા પામી છે. જ્યારે જીએસઆરટીસીની 96 ટકા કામગીરી પુરી થઈ જવા પામી છે. MMTH પ્રોજેક્ટને એલિવેટેડ રોડ સાથે જોડવાનું કામ પણ ચાલી રહ્યું છે. એલિવેટેડ રોડ માટે કુલ 174 થાંભલા બનાવવાના છે, જેમાંથી 64 પૂર્ણ થઈ ગયા છે.

પશ્ચિમ રેલવેના પીઆરઓ વિનીત અભિષેક દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સુરત સ્ટેશનની પશ્ચિમ બાજુએ MMTH પ્રોજેક્ટનો કુલ બિલ્ટ-અપ વિસ્તાર 26,000 ચોરસ મીટર છે, જ્યારે પૂર્વ બાજુ 62,000 ચોરસ મીટર આવરી લેશે. આખા MMTH પ્રોજેક્ટમાં મુસાફરો માટે 35 એસ્કેલેટર અને 60 લિફ્ટ હશે. મુસાફરોને ઠંડક મળે તે માટે સમગ્ર MMTH ઝોનને કેન્દ્રીય ઠંડક પ્રણાલીથી સજ્જ કરવામાં આવશે. આ મુખ્ય પ્રોજેક્ટમાં, સ્ટેશનની અંદરનો એકમાત્ર સબવે મુસાફરો માટે બંધ રહેશે. તેનો ઉપયોગ ફક્ત રેલ્વે પાર્સલ વિસ્તારની અવરજવર માટે કરવામાં આવશે. પૂર્વ બાજુનું મકાન કોનકોર્સ ઉપરાંત, MMTH પ્રોજેક્ટની પૂર્વ બાજુએ 7 માળનું સ્ટેશન બિલ્ડિંગ બનાવવામાં આવી રહ્યું છે, જેમાં G+4 માળનું મકાન હાલમાં નિર્માણાધીન છે. ભોંયરામાં પાર્કિંગ વિસ્તાર અને સેવા વિસ્તાર હશે. ગ્રાઉન્ડ ફ્લોરમાં એક્સેસ એરિયા હશે, જેમાં અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર હશે. પ્રથમ માળ મુસાફરો માટે સમર્પિત રહેશે. બીજા માળે રેલવે અધિકારીનું કાર્યાલય હશે, જેમાં PRS રિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર પણ હશે. ત્રીજો માળ કોનકોર્સ સ્તર સાથે જોડાશે. ચોથો માળે મુસાફરોની સુવિધાઓ અને નિવૃત્તિ રૂમ હશે. આ સમગ્ર પ્રોજેક્ટ બનાવવા માટે કુલ 800 કર્મચારીઓ 24x7 કામ કરી રહ્યા છે, જેમાં 100 એન્જિનિયરો અને સુપરવાઈઝર નો સમાવેશ થાય છે.

## MMTHમાં આગ લાગે તો ઓટોમેટિક જાણ થઈ જશે

MMTHની ઈમારત આગ કે કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે તમામ રીતે સજ્જ હશે. આખી ઇમારત ગ્રીન એનર્જી કોન્સેપ્ટનો ઉપયોગ કરીને બનાવવામાં આવી રહી છે. પાણીનો સંગ્રહ અને 650 કિલોવોટ સૌર ઉર્જા સ્થાપિત કરવામાં આવશે. MMTH બિલ્ડિંગ તેમજ નિર્માણ પામી રહેલા કોન્કોર્સ લેવલ, અત્યાધુનિક સેન્સરથી સજ્જ હશે. સમગ્ર સિસ્ટમ ડાયગ્નોસ્ટિક હશે. આનો અર્થ એ છે કે બિલ્ડિંગની અંદર કોઈપણ ટેકનિકલ ખામી અથવા આગનું નિદાન અને ઓળખ કરવામાં આવશે. ફાયર એલાર્મ અને ફાયર સેપરેશન સિસ્ટમ પણ હશે. ફક્ત પાંચ મિનિટમાં ખાલી કરાવવાથી આગને કાબૂમાં લઈ શકાય છે. જો કોઈપણ ભાગમાં આગ લાગે છે, તો ખાલી કરાવવાની સિસ્ટમ આગને વધુ ફેલાતી અટકાવશે.

## MMTH ફેઝ-1 ની પ્રગતિ 46% થઈ

- સંકલિત GSRTC - 96%
- પૂર્વ બાજુનું મકાન - 42%
- કોનકોર્સ લેવલ - 40%